

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*હાર્યો જુગારી દોષ દૈ ગંજીફાને મારે છે*
*નિષ્ફળ નેતા પ્રધાન-મંડળને ચીપ મારે છે*
*ચીપ મારી પોતાના દોષ કરે છે વેરવિખેર -*
*જશ ખાટે છે જગલો, ભગલાને ઢીક મારે છે!*
*(પ્રધાનમંડળને લાગશે કૅંચી)*

હાઈકુ

*થાય છે વાટા*
*તૂટ-ફૂટ-લીકેજ -*
*યૂવાક બંધ!*

*ફૅંકે ટૂકડો -*
*'ભસ ભસ'ની થાય -*
*બોલતી બંધ!!*

### ચિંતન

**સ્વાદ્યાય ઈષ્ટ દેવતા સંપ્રયોગ : ।**

ઉપરોક્ત શ્લોક પતંજલિ યોગદર્શનમાંથી લેવામાં આવેલ છે.

સ્વાધ્યાયથી ભગવાન સુધી પહોંચી શકાય છે. સ્વાધ્યાય - પ્રવચનમાં પ્રમાન ન કરો. સ્વાધ્યાય એ ઉન્નત જીવનનો પથદર્શક છે. સ્વાધ્યાયથી જીવનમાં સમજણ આવે છે અને આ સમજણના અભાવે જ આપણે પથભ્રાન્ત પથિક જેવા જીવનમાં આથડ્યા કરીએ છીએ.

સ્વાધ્યાય ગયો તેથી માનવી મૂલ્યંકનોનો હ્રાસ થયો છે. પરાકાષ્ઠાનું અધઃપતન થયું છે. સાંસ્કૃતિક મૂલ્યો ખલાસ થવા આવ્યા છે. તથા કથિત ધર્મ અને વેવલી વહેમ અંધશ્રદ્ધાળુ ભક્તિની નાગચૂડમાં સમાજ ફસાયો છે. ચમત્કારના નાદે ચડી પોતાને આધ્યાત્મિક સમજવાની આત્મવંચનામાં સમાજ રાચે છે, ત્યારે સ્વાધ્યાય જ સમાજને તેમાંથી બહાર કાઢી, ધર્મ, ભક્તિ અને અધ્યાત્મનો તથા જીવનનો સાચો રાહ દેખાડશે. શાંત, સ્વસ્થ અને સુખી જીવન નિર્માણ કરશે.

આપણે બધા ભગવાનના સંતાન છીએ. નિઃસ્વાર્થ ભાવે બેસી સ્વાધ્યાય દ્વારા અંતરાભિમુક થઈ જીવન તપાસીશું તો જીવન તો ઉન્નત થશે પણ સાથે સાથે દૈવી ભાતૃભાવ કેળવાશે. આત્મીયતા વધશે, અહંકાર ઘટશે.

### સુવિચાર

- આચાર વગરનો આપણે વિચાર ગમે કેટલો સુંદર હોય,
  પણ તે હંમેશા માણસના મન ઉપર અત્યાચાર કર્યા કરે ઓછે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધર્મનું પાલન માણસને દેવત્વની કક્ષા સુધી પહોંચાડે છે,
  પણ ધર્મનું ઝનૂન માણસને રાક્ષસથી પણ વધારે નપાવટ બનાવે છે - **નગીનદાસ સંઘવી**
- હાંકવા માંડી મેં નૌકા રણમહીં, ઝાંઝવાઓને ધ્રુજારો થઈ ગયો - **નસીર ઈસ્માઈલી**
- જીવનને સમજવાની અને માણવાની શક્તિ આપે તે શિક્ષણ - **શાહબુદ્દિન રાઠોડ**
- જયાં શિયાળવાઓ સાથે કામ પડે ત્યાં આપણે પણ શિયાળ થવું - **ઓલિવર જેમ્સ**
- ધન વડે ફક્ત બે વસ્તુ પ્રાપ્ત થાય છે, ભય અને દુઃખ - **હિતોપદેશ**
- આજનું ઔષધ : લુણીની ભાજીનો રસ સાકર મેળવી શરબતની જેમ પીવાથી પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બ્રિટનના પ્રખ્યાત શિક્ષણવિદ્ શ્રીમાન બૂર્થ ધર્મકાર્ય કરવા પાદરી થવાનું પસંદ કર્યું. તેઓ ઈંગ્લેન્ડના વિવિધ શહેરોમાં જઈ ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા. એકવાર એક ચર્ચમાં તેઓ પ્રવેશી રહ્યા હતા. ત્યારે કેટલાક લોકો બૂમો પાડતા એક ચૌદ-પંદર વર્ષના છોકરાને પકડીને મારપીટ કરી રહ્યા હતા. દયાળું શ્રીમાન બૂથે વચ્ચે પડીને એ છોકરાને છોડાવ્યો અને એને પૂછ્યું, 'તે ખરેખર ચોરી કરી છે? સાચું બોલ? છોકરો ધ્રુસ્કે ધ્રુસકે રડતાં કહ્યું, 'ફાધર, હું અનાથ છું, મારી પાસે રહેવા માટે ઘર નથી કે ખાવા માટે કશું ભોજન નથી. ભૂખ જયારે અસહ્ય બની ત્યારે મેં આ ચર્ચના રસોડામાંથી બે બ્રેડ ચોરી લીધી હતી. હું ખરેખર ચોર નથી અને હું આપને વચન આપું છું કે આ મારા જીવનની પહેલી અને છેલ્લી ચોરી છે!' છોકરાની આપવીતી સાંભળીને બૂથ ખૂબ દુઃખી થયા. તેમણે તેને ચર્ચમાં લઈ જઈ ભોજન કરાવ્યું. એ છોકરાના મુખ પર સંતોષ અને ખોરાક મળ્યાની આનંદની લાગણી જોઈ એમણે મનમાં નક્કી કર્યું કે ધર્મના પ્રચાર કરવા કરતાં આવા અનાથ બાળકોને આત્મનિર્ભર બનાવવાનું વધુ જરૂરી છે. એ પણ ઈશ્વર સેવા જ છે. આમ વિચારીને તેમણે અનાથ બાળકો માટે રોજગારીની વ્યવસ્થા કરી. બેકારોને કામ મળે તે માટે રોજગાર કેન્દ્રો ઈંગ્લેન્ડમાં ખોલ્યાં.

# ધર્મના નામે શેકાતા રાજકીય રોટલા...

**તંત્રીસ્થાનેથી...**

અયોધ્યામાં રામજન્મભૂમિ ટ્રસ્ટ દ્વારા ખરીદાયેલ જમીન વિશેનો વિવાદ તદ્દન વાહિયાત હોવાનું જાણતા હોવા છતાં વિપક્ષોએ હોબાળો મચાવ્યો છે. જમીનોની લે-વેચમાં બાનાખત અને દસ્તાવેજો મોડાવહેલા થતા હોય છે. દસ વર્ષના ગાળામં જમીનોની બજાર કિંમત આસમાને પહોંચી છે તે સૌ જાણે છે. વળી અયોધ્યામાં વિશાળ રામજન્મભૂમિ મંદિર બનાવવાની મંજૂરી મળતાંની સાથે જમીનોના ભાવમાં ઉછાળો આવે તે પણ સમજી શકાય છે. વિગતોમાં ઊંડા ઊતરવાની તકલીફ લીધા વગર જ પ્રિયંકા ગાંધી જેવાં નવાં રાજનેતા કે શંકરાચાર્ય સ્વરુપાનંદ સરસ્વતી જેવા જૂના ધર્માચાર્ય નિવેદનબાજી અને આક્ષેપબાજી પર ઊતરી પડે તે આપણા દેશના રાજકારણ અને ધર્મકારણની કરુણ વાસ્તવિકતા છે. ચોળી ને ચીકણું કરવાની આ રીતરસમથી સરવાળે તો સમય અને શક્તિનો જ વ્યય થતો હોય છે. સુપ્રીમ કોર્ટ દ્વારા સૂઓમોટો થાય કે તપાસ કરાવાય તો પણ છેવટે તો ટ્રસ્ટના અધ્યક્ષ દ્વારા જારી કરાયેલ હકીકત જ સાચી ઠરવાની છે. શું કોઈ એવી મૂર્ખતા કરે કે મિનિટોમાં અંતરમાં અનેક ગણી કિંમત ચૂકવી દે? પરંતુ આ એક 'ટેકનિકલ' જરૂરિયાત હતી, જેના નામે હોબાળો મચાવવાનો વિપક્ષને મસાલો મળી ગયો છે. ધર્મની દુહાઈ દેનારાઓને બીજા ધર્મોનો પણ આદર રાખવો જોઈએ. બુલંદશહરના વયોવૃદ્ધ મુસ્લિમ બિરાદર સાથે ગમે તે મુદ્દે માથાકૂટ થઈ હોય પણ એમની ધાર્મિક આસ્થાને આંચ આવે એ રીતે એમને માર મારીને દાઢી કાપવાની ચેષ્ટા જેણે પણ કરી હોય તેણે માત્ર એ વરિષ્ઠ નાગરિકન મૂળભૂત અધિકાર પર જ તરાપ નથી મારી બલકે દેશના સાંપ્રદાયિક સૌહાર્દને છિન્નભિન્ન કરવાનું પાપ કર્યું છે. આવાં દુષ્કૃત્યો સામે પોલીસે ગુનેગારોને છાવરવા ન જોઈએ. ખાટલે મોટી ખોડ એ છે કે ઉત્તરપ્રદેશની પોલીસ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના હિંદુત્વવાદી એજન્ડાનો અમલ કરાવવા કટિબદ્ધ છે. અને દેશના બંધારણની કે રાષ્ટ્રીય એકતાની ચિંતા નથી. ઉત્તરપ્રદેશમાં પુનઃસ્થાપિત થવા માટે કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહી છે. પ્રિયંકા ગાંધીને ઉત્તરપ્રદેશનો હવાલો સોંપાયા પછી પાર્ટી દિવાસ્વપ્નોમાં રાચી રહી છે. મુસ્લિમો તરફ સહાનુભૂતિ દર્શાવીને તે પ્રાદેશિક રાજકીય પરિબળ સમાજવાદી પક્ષ તથા બહુજન સમાજ પાર્ટી તરફ વળી ગયેલ લઘુમતી વોટબેંકને પાછી મેળવવા આકાશપાતાળ એક કરી રહી છે. સામા પક્ષે ભારતીય જનતા પાર્ટી મુસલમાનોને હાંસિયે ધકેલી હિંદુ બહુમતીને રાજી રાખવા નિત્ય નવા કારસા કર્યે રાખે છે. યોગીની કાર્યશૈલી સામે ખુદ પાર્ટીના જ આગેવાનોમાં અસંતોષ છે. ઉત્તરપ્રદેશના સંગઠનના હોદ્દેદારોને બાજુએ રાખી ધારાસભ્ય નહીં એવા યોગીને મુખ્યમંત્રી પદે બેસાડી દેવાયા હતા તે બધાને ખટકે છે. કટ્ટર હિંદુત્વવાદી છબી ધરાવતા યોગી મૂળે ક્ષત્રિય છે અને ગોરખપુરના ગાદીના અધિષ્ઠાતા છે. પરંતુ ઉત્તરપ્રદેશ માત્ર ગોરખપુરમાં સમાઈ જતું નથી. ગોરખપુર તો પૂર્વાંચલનો નેપાળને અડકતો ખૂણો છે. ઉત્તરપ્રદેશ છેક દિલ્હીના સીમાડાથી શરૂ થાય છે અને ઉત્તરખંડના સીમાડાને અડકે છે. એમાં લખનૌ, કાનપુર, અલ્હાબાદ, વારાણસી જેવાં શહેરો આવે છે. દેશમાં વર્ષો સુધી મોગલોનું શાસન રહ્યુ છે અને મોકલો પૂર્વે ગુલામ વંશ, ખીલજી વંશ જેવી સત્તાઓ રહી એટલે સ્વાભાવિક છે કે મોટા પાયે સ્થાનિક પ્રજાનું ધર્માન્તરણ થયું હોય. જે વૃદ્ધ મુસ્લિમ બિરાદરની દાઢી કાપીને એમને અપમાનિત કરાયા એમની વીસ-પચ્ચીસ પેઢીઓ પૂર્વે તેમના વડીલો પણ હિંદુ જ હશે. કટ્ટરવાદી અભિગમ લોકશાહી માટે ખતરાની ઘંટી સમાન છે. એનો ખુદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવી હિંદુત્વવાદી સંસ્થાઓ ખૂલીને વિરોધ કરવો જોઈએ. ફક્ત એટલું મધમીઠું નિવેદન કરીને ભાગવત ઈતિશ્રી માને એ પૂરતું નથી - એમણે કયારેક કહ્યું હતું કે હિંદુસ્તાન નામના દેશમાં રહેનાર તમામને તેઓ હિંદુ જ માને છે.

# કોરોનાની રસી લીધા પછી દરેકમાં કોરોનાના એન્ટીબોડી એટલે કે રોગપ્રતિકારક શક્તિ વધે જ?

**કોરોના થયો હોય તો એન્ટીબોડી ડેવલોપ થાય જ? ● કોરોના થયો હોય એને કોરોનાની રસી મુકાવવી જોઈએ?**



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

ડાહ્યાલાલ, ગાંડાલાલ, નિલેશ અને વિપુલ ચારેજણા આજે મૂડમાં હતા. ગાંડાલાલથી રહેવાનું નહીં... અરે... આજે કેમ મૂડમાં છીએ એવું શું થયું છે? આમ તો લોકડાઉન ખુલી ગયું છે. ધંધા, રોજગાર, બેન્કો, સરકારી ઓફિસો બધુ રાબેતા મુજબ ચાલુ થઈ ગયું છે. લોકો એટલા બધા કંટાળી ગયા છે કે હવે જે થવું હોય એ થાય... પણ ધંધો રોજગાર કરવા જ છે. ચારેબાજુ માર્કેટમાં કોરોનાની અસર દેખાય છે. ખાસ કરીને કાચી જમીનોના ફલેટ અને બંગલામાં બધા જ ભાવ અકબંધ રાખ્યા છે છતાં જો તમારે લેવાનું જ હોય તો ભાવમાં વધઘટ થઈ શકે છે. દુકાનોમાં ઘરાકી શરૂ થઈ છે. હોટલ અને રેસ્ટોરન્ટમાં પણ અવર-જવર ચાલુ થઈ ગઈ છે. ખાલી દવાખાનામાં ભીડ ઓછી જોવા મળે છે. બાકીનું બધું સરસ ચાલવા માંડ્યું છે. ગાંડાલાલ બોલ્યા એટલે કે હવે હા કોરોના પૂરો થી ગયો. હવે ચિંતા નથી આ લોકો ગપ્પા મારે છે કે ત્રીજી લહેર આવશે. આ ખરેખર ગપ્પા છે. ડાહ્યાલાલ બોલ્યા... ગાંડાલાલ હવે જ ખરી પરીક્ષા ચાલુ થાય છે. કોરોના ગયો નથી ખાલી કંટ્રોલમં છે. બધા ભાન ભૂલીને આમ કરતા રહેશે તો ત્રીજી લહેર આવતા વાર નહીં લાગે. વિપુલે પૂછ્યું આપણે શું કરવાનું? ડાહ્યાભાઈ બોલ્યા, આપણે તો હવે એક જ રસ્તો છે અને એ રામબાણ છે રસી લેવાની... જેટલી બને એટલી વહેલા રસી લઈ લેવાની, માસ્ક પહેરવાનું, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવાનું. ગાંડાભાઈ બોલ્યા, આ રસી બધાને અપાય છે પણ રસીની અસર થઈ છે કે નહીં એની ખાતરી શું ? એટલે રસી મુકાવ્યા પછી કોરોનાનું એન્ટીબોડી ટેસ્ટ કરાવવો તો જ ખબર પડે કે કોરોનાની રસીની અસર થઈ છે કે નહીં... ગાંડાલાલે કહ્યું, સારી લેબમાં જઈને કોરોના એન્ટીબોડી નામનો ટેસ્ટ કરાવાનો જેમાં જો કોરોના એન્ટીબોડી 1 COI Unit પર આવે તો રસીની અસર થઈ એવું કહેવાય.

જો 1 COI Unit ની નીચે આવે તો રસીની અસર થઈ નથી. ગાંડાલાલે કહ્યું એનો મતલબ રસીની અસર નથી થઈ એટલે કોરોનાનો ભય વધારે ? એ ડાહ્યાલાલે કહ્યું... ગાંડાલાલ એવું નથી ઘણી વખત શરીરમાં કોષોમાં રસીની અસર હોય પણ લોહીના લેવલમાં એમ બતાવતું હોય પણ રસીની અસર તો થાય જ. પણજો એક કરતા વધારે 10 COI યુનિટ, 15 COI, 50 COI, 80 COI, 150 COI યુનિટ એવો જ રિપોર્ટ આવે તો લોહીના અને શરીરના કોષોમાં અસર છે. તેમાં પણ શરીરના કોષોમાં એન્ટીબોડીની અસર હોય જ. ટૂંકમાં કોરોના થઈ ગયો હોય અથવા ન હોય તેમને રસી લઈ લેવી જ જોઈએ.... હવે પ્રશ્ન એ થાય કે કઈ રસી લેવી. અત્યારે બે કંપનીની રસી કોવિશિલ્ડ અને કોવેક્સિન નામની બે રસી અત્યારે મળે છે.

લોકો પોતપોતાના જ્ઞાન મુજબ આ રસી સારી અને આ રસી ખરાબ એવું કહેતા હોય છે. પણ બંને રસી સારી છે. એમાંથી ગમે તે રસી મુકાવી શકાય. પણ પહેલાં જે કંપનીની રસી લીધી હોય એ જ રસી બીજા ડોઝમાં મુકાવવી જોઈએ. પણ એવું કહેવાય છે કે ભારતની બહાર જવું હોય તો કોવિશિલ્ડની રસીને વધારે પ્રમાણમાં વ્યાજબી ગણવામાં આવે છે. એનો મતલબ એવો નથી કે કોવેક્સિન ઉતરતી છે. પણ કદાચ કોવેક્સિનનું પ્રમાણપત્ર થોડું લેટ મળશે...

# પોરબંદરના અનોખા રાજવી : નટવરસિંહજી



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

અરબ સાગર જેને નિરંતર શાશ્વતિનું ગાન સંભળાવે છે તે પોરબંદર અથવા સુદામાપુરી પોતાના કોઠામાં અગણિત સારી-નરસી ક્ષણોને સંઘરીને ઉન્નત મસ્તકે આજે પણ ઊભું છે. આ નગરે મહાત્મા ગાંધી તથા કસ્તુરબાને પોતાના ખોળામાં રમાડ્યા છે. બરડા ડુંગરનું સાનિધ્ય આ ભૂમિને સાંપડ્યું છે. સુદામાના અયાચી વ્રતે આ નગરની શોભા વધારી છે. રાજરત્ન શેઠ નાનજી કાળીદાસ મહેતાએ પોતાના પુરુષાર્થના બળે દુનિયાભરમાં વેપાર વાણિજ્યના ક્ષેત્રે ડંકો વગાડ્યો છે. 'ઈતિહાસવિદોએ 'સુદામાપુરી' તથા પોરબંદર વચ્ચે તફાવત બતાવેલો છે. તેઓના મતે 'સુદામાપુરી' સીટી છે જ્યારે પોરબંદર પોર્ટ છે.' (નરોત્તમ પલાણ : પોરબંદર : પ્રવાહ અને પ્રતિબિંબ) આર્યકન્યા ગુરુકૂળ અને સાંદીપનિ વિદ્યાધામ જેવી જ્ઞાનસમૃધ્ધ સંસ્થાઓ પણ આ નગરમાં પાંગરી છે. આ નગરેજ રાજાશાહીના છેલ્લા તથા સંવેદનશીલ શાસક નટવરસિંહજીને અમીભરી આંખે નિહાળ્યા છે. નટવરસિંહજી એક રાજવી ઉપરાંત સારા લેખક, સંગીતજ્ઞ તેમજ ક્રિકેટર હતા. પોરબંદરને સંસ્કાર નગરી બનાવવામાં તેમજ તેને સૌંદર્યથી વિભૂષિત કરનારા આ રાજવી હતા. ૩૦ જૂન-૧૯૦૧ના રોજ તેમનો જન્મ થયો. આ રાજવીની મધુર સ્મૃતિ જૂનની ગરમીમાં પણ મનને ગમે તેવી મધુર સ્મૃતિ જગાડીને જાય છે. ૧૯૨૦માં નટવરસિંહજીનો રાજ્યાભિષેક થયો. નટવરસિંહજી ઈતિહાસમાં એક સ્વસ્થ રાજપુરુષ હોવાનુઃ ગૌરવ ધરાવે છે. વિદ્વતજન નરોત્તમ પલાણ સાહેબે આ રાજવીનું જીવનચરિત્ર લખીને એક મહત્વપૂર્ણ કાર્ય કરેલું છે. નટવરસિંહજીની છાપ મહદઅંશે પ્રજાપ્રિય તેમજ દીઘર્દ્રષ્ટિવાળા રાજવી તરીકેની રહી છે.

સૌરાષ્ટ્ર એ દેશી રજવાડાઓનો એક મોટો સમૂહહતો તે જાણીતી બાબત છે. આ રાજવીઓમાં પ્રજાની લાગણી તેમજ ન્યાયપ્રિયતાને કેન્દ્રમાં રાખીને પ્રજાલક્ષી વહીવટ આપનારા રાજવીઓની મોટી સંખ્યા નથી. ઉત્તમ વહીવટ માટે જાણીતા રાજવીઓમાં નટવરસિંહજીનો સમાવેશ થાય છે. નટવરસિંહજીના શાસનકાળ દરમિયાન થોડો સમય રાજયના અધિકારીઓના આપખુદ વલણના કારણે પોરબંદર રાજ્યના લોકોને સહન કરવાનું તો આવ્યું પરંતુ નટવરસિંહજીને આ બાબતમાં જે વેદના થઈ તે તેમણે જાહેરમાં વ્યક્ત કરી હતી તે નોંધપાત્ર બાબત છે.

સામાન્ય રીતે તે કાળમાં રાજવીઓ તથા કેટલાક અન્ય લોકો પણ બહુપત્નીત્વ પ્રથાને અપનાવતાં હતા. નટવરસિંહજીના પિતા ભાવસિંહજીને પણ પાંચ પત્નીઓ હતા. રાજવીઓમાં આ બાબત સામાન્ય તથા સ્વીકાર્ય ગણાતી હતી. નટવરસિંહજી તથા તેમના પત્ની રૂપાળીબાનું ગ્રહસ્થ જીવન સ્નેહપૂર્ણ હતું. જો કે નટવરસિંહજીને લગ્નજીવનના ઘણાં વર્ષો પછી પણ સંતાનપ્રાપ્તિ થઈ ન હતી. બીજા લગ્ન કરવાનું આ એક જે તે સમયનું મજબૂત બહાનું પણ હતું. પરંતુ નટવરસિંહજીએ અનેક સમજાવટો છતાં બીજા લગ્ન કરવા બાબત સંમતિ આપી ન હતી. રૂપાળીબા સહીત અનેક લોકોની ફરી લગ્ન કરવાની તેમણે વાત માન્ય રાખી ન હતી. રૂપાળીબા જીવ્યા ત્યાં સુધી તેમનું દાંપત્ય સતત સ્નેહપૂર્ણ તથા મધુર રહ્યું. રાજવીના મહેલમાં અનેક નોકરચાકર હોવા છતાં રૂપાળીબા જાતે નટવરસિંહજી માટે રસોઈ બનાવતા હતા. કહેવાય છે કે નટવરસિંહજી સિગારેટના શોખીન હતા પરંતુ રૂપાળીબા આપે નહિ ત્યાં સુધી તેઓ સિગારેટ પીતા ન હતા. રાજારાણી બન્ને સંગીતના પણ શોખીન હતા. દેશવિદેશની ઉત્તમ કલાકૃતિઓનો પણ તેમણે રાજમહેલમાં સંગ્રહ કર્યો હતો.

નટવરસિંહજી તથા રૂપાળીબાએ શાસ્ત્રોક્ત વિધિથી બાળકને દત્તક લીધું હતું તથા તેનું નામ ઉદયભાણસિંહજી આપવામાં આવ્યું હતું. ઉદયભાણસિંહજીને દત્તક લેવાના પ્રસંગે નટવરસિંહજીએ તેમની ઉમદા પ્રકૃતિ મુજબ સુંદર વાત કરી. દત્તકવિધિ બાદ પુત્રને હનુમાનજીના દર્શને રાજવી લઈ ગયા. દર્શન કર્યા બાદ તેમણે લોકોને જણાવ્યું કે આ રાજ આપણું નથી. રાજ્ય તો શ્રી હનુમાનજીનું છે અને આપણે સૌ તે રાજ્યના છીએ. નટવરસિંહજીનો સહજ વિવેક એ તેમની વિશિષ્ટતા હતી. સામાન્ય રીતે રાજવીઓના જીવનની રહેણી કરણી ભપકાદાર તેમજ ખર્ચાળ રહેતી હતી તેમાં પણ આ રાજવી અપવાદ હતા. પોરબંદરનાજ વણકરો હેન્ડલુમનું કાપડ તૈયાર કરતા હતા તેજ કાપડના વસ્ત્રો નટવરસિંહજી પહેરતા હતા. પોતાના ગુરુ કવિ નાનાલાલનું અવસાન થતાં પોરબંદરમાં શોકસભા ભરવામાં આવી. આ શોકસભામાં નટવરસિંહજીએ વાયોલીન વગાડીને દિલમાં રહેલા દર્દને વાયોલીનના સૂરનામાધ્યમથી વહેતું કર્યું હતું. સૂરની આવી શોકાંજલિ એ પણ ભાગ્યેજ બને એવી ઘટના છે. કવિશ્રી નાનાલાલ તરફના સ્નેહાદરને કારણે તેઓએ અમદાવાદ જઈને ગુજરાત કોલેજમાં કવિશ્રીનું તૈલચિત્ર ખુલ્લું મૂક્યું હતું. કવિગુરુ ટાગોરની પોરબંદરની મુલાકાત સમયે પણ તેઓ પોરબંદરના સમુદ્ર કિનારે કવિવરને આવકારવા જાતે ઊભા રહ્યા હતા.

નટવરસિંહજી ક્રિકેટના ખૂબ શોખીન હતા. પોતાને પ્રિય છે એવી આ રમતની જાણકારી તેમજ તાલિમ પોરબંદરના યુવાનોને પણ મળે તેવા આશયથી તેમણે ક્રિકેટ સ્કૂલની સ્થાપના કરી હતી. આવી કોઈ સ્કૂલ તે સમયે જવલ્લેજ હોય તેવી સ્થિતિ હતી તેમાં નટવરસિંહજીની આ એક આગવી પહેલ હતી. જૂન-૧૯૪૭માં, દેશની આઝાદીના થોડા સમય પહેલાંજ તેમણે આ સ્કૂલનો પ્રારંભ કરાવ્યો. જામનગરના રાજવી દુલીપસિંહજીના નામથી તેમજ તેમના હસ્તે આ સ્કૂલનો શુભારંભ થયો. સુપ્રસિધ્ધ ક્રિકેટર વિજય મરચંટના હસ્તે 'વિજય પેવિલિયન'નું પણ ઉદ્દઘાટન થયું. રાજ્યના તેમજ દેશના યુવાનોમાં ક્રિકેટ તરફની રુચિ કેળવાય તેવો એક ઉમદા ઉદ્દેશ આ રાજવીના મનમાં હતો. ક્રિકેટની પધ્ધતિસરની તાલીમ આપતી આવી વ્યવસ્થા ઊભી કરવામાં નટવરસિંહજીની દીઘર્દ્રષ્ટિ જોવા મળે છે. ક્રિકેટ તથા સાહિત્ય તરફની તેમની પ્રીતિ આજીવન એકસમાન રહેવા પામી હતી.

દેશમાં સ્વરાજ્યનો સૂર્યોદય થવાના શુભપ્રસંગે ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ પહેલ કરીને પોતાનું રાજ્ય સ્વેચ્છાએ સ્વતંત્ર દેશના ચરણોમાં ધર્યું. આજ દિશામાં નટવરસિંહજી પણ ચાલ્યા તે ગૌરવયુક્ત ઘટના છે. સત્તા નહિ પરંતુ સ્નેહથી રાજ્ય કરતા આ ક્રિકેટર – કલાકાર તથા સંગીતકાર રાજવી તેમના ગુણોથી આદર સન્માન પામ્યા છે. પોરબંદરની કથા નટવરસિંહજીના ઉલ્લેખ સિવાય પૂર્ણ થતી નથી.

# માલિકીભાવનો મનોડંખ જ્યારે અસૂયાનો અસૂર બની જાય છે ત્યારે...



**સંવેદનનું સ્ટેટ્સ**

રમેશ ઠક્કર

વર્ષો અગાઉ મારા એક બાહોશ અધિકારી બોસ મને વારંવાર એક પ્રશ્ન કરતા 'માણસ સતત એકબીજાની સામે ઘૂરકતો કેમ હશે ? એક માણસ બીજા માણસની વિનાકારણ હંમેશાં અસૂયા કેમ કરતો રહે છે ? ' એ કદાચ લેખક તરીકે મારી પાસેથી માનવજાતની આ મુળભુત ચેષ્ટા વિશે જાણવા માગતા હશે. મેં એમને મહાભારતનો એક સરસ પ્રસંગ કહ્યો હતો.જેમાં યક્ષ ધર્મરાજા યુધિષ્ઠિરને એક પ્રશ્ન કરે છે કે 'દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય ક્યું ?' ત્યારે ધર્મરાજ બહુ સરસ જવાબ આપે છે... 'અહીં દરેક માણસને પોતાનું સુખ બીજાના સુખ કરતાં હંમેશાં નાનું લાગે છે અને એની સતત સરખામણી કરી એ અસુખ અનુભવતો રહે છે...' સ્વાભાવિક જ આ ઉત્તરથી યક્ષ તો સંતુષ્ટ થયો જ હશે પણ માણસની આ વૃત્તિ સાચે જ વિસ્મયકારક છે.

ઈર્ષા, અસૂયા, મત્સર, કે તે જો દ્વેશ કે કોઈકના માટેનો અકારણ અણગમો એ એક રીતે જોઈએ તો માણસની પોતાની લઘુતાને વ્યક્ત કરતા મનોભાવો છે.જેમાં માણસ કારણવગર કોઈકને નિશાન બનાવી એના માટે દ્વેષ ભાવ રાખે છે..નિંદા કે કૂથલી એ અસૂયા માટેની કાચી સામગ્રી છે...ધીમેધીમે એ આગળ વધીને વિકરાળ સ્વરૂપ ધારણ કરતી જાય છે... કોઈકની ઉપરનો માલિકીભાવ પણ એમાં મહત્વનો ભાગ ભજવે છે.વ્યકિત જેટલી વધારે અંગત કે નજીક એટલો જ એના માટેનો તેજોદ્વેશ વધારે ઘટ્ટ હોય છે..એકવાર એની આગ શરૂ થાય એ પછી એ સતત ભડકતી જ રહે છે..એના માટે આપણા લોકકવિ કહે છે..

'ચેહ ઠરે, દુઃખડાં ઠરે,ઠરી જાય ખટરાગ
પણ ઈરખાની આગ,ઠારો ત્યમ બમણી થાય.'

હકિકતમાં લાગણી જ્યારે તલસાટ બને છે ત્યારે એમાંથી અસલામતીનો એક ભાવ પ્રગટે છે.જે માલિકીભાવમાં પરિણમે છે..આમ જોઈએ તો સંબંધોનો કોઈ રેવન્યૂ સ્ટેમ્પ હોતો નથી... એ કેવળ કાળજાના કરાર જેવા હોય છે.પણ આપણે એને એકપક્ષીય માની લઈએ છીએ.ઘણીવાર આપણું મન મોર બનીને થનગાટ કરતું હોય પણ સામાપક્ષે પણ અષાઢી માહોલ ઉભો થવો જરૂરી હોય છે...જ્યારે આવું નથી થતું ત્યારે ત્યારે વ્યકિતનું ભ્રમનિરસન થતું હોય છે..આપણે જાણે અજાણે કોઈકના મનોજગતમાં વગર પાસપોર્ટે ઘૂસવાનો પ્રયત્ન કરીએ છીએ.એ શક્ય બનતું નથી એટલે આપણે સહસા બોલી ઉઠીએ છીએ કે 'તમને આવા ન્હોતા ધાર્યા !'

માણસ એકવખત જેને પોતાની વ્યકિત ધારી લે એ પછી એના તરફથી થયેલી નાની સરખી ભૂલ કે બેવફાઈને પણ એ જીરવી શકતો નથી..આમાં પણ વ્યકિત જેટલી નજીકની એટલી આપણી અપેક્ષા વધુ..જાણે અજાણે પણ આપણે અંગત વ્યકિતઓને taken for granted ગણી આપણી લાગણીઓનું ધરાર પ્રત્યારોપણ કરી બેસીએ છીએ.નજીકની વ્યકિતના મનોભાવોને સમત્વથી સંવેદીએ તો જ આપણે એના માટેના અણગમાને ટાળી શકીએ... સંબંધોની લીલીછમ જાજમ પરસ્પર ઉષ્માના ભીના છંટકાવથી નવપલ્લવિત થતી રહે છે.સંબંધોની સાચી અનુભૂતિ માલિકીભાવની નાબૂદી ઉપર નિર્ભર હોય છે..

હમણાં એક મિત્ર સામે અમારા બંનેના એક કોમન મિત્ર જે જાણીતા ગાયક છે એમનાં વખાણ કર્યાં તો એમણે તરત જ પ્રતિકાર કર્યો..'તમને ખબર નથી એને શાસ્ત્રીય બાબતોની જાણકારી જ નથી... ' એમણે તીવ્ર અણગમાથી કહ્યું..મને નવાઈ લાગી કેમકે એ મિત્રને અમે રૂબરૂ કવચિત મળીએ છીએ..મોટાભાગે કોઈ કાર્યક્રમ કે ટી.વી.ઉપર એમને જોઈએ...ગાયક તરીકે એ પોતાની સાધનાથી જ લોકપ્રિય થયા છે...આમ છતાં એ માણસ આ રીતે કોઈકની ઈર્ષાનો ભોગ બને એ નવાઈપ્રેરક જ ગણાય..માણસને કારણવગર જ કોઈકની સાથે વાંકુ પડી જતું હોય છે... એમાં ઘણીવાર પોતાની જાત માટેનો અસલામતીનો ભાવ કે લઘુતાની લાગણી પણ કારણભૂત હોય છે..આવો અણગમો જ્યારે માઝા મૂકે છે ત્યારે સામેની વ્યકિતને વિકટ પરિસ્થિતિમાં પણ મુકતો હોય છે..જીવનમાં જે કોઈ માણસ સામાન્ય સ્થિતિથી કોઈ અસાધારણ સિધ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે કોઈપણ ગુના વગર એની પીઠ પાછળ એના ભૂતકાળની નાની નાની મર્યાદાઓને માઈક્રોસ્કોપ લઈ હાઈલાઈટ કરનારા અનેક લાગી જતા હોય છે...

આમ તો કોઈકની સાથે સરખામણી કે સ્પર્ધા એ પ્રગતિ માટેનું ચાલકબળ હોય છે...માણસ જો પોતાની દૃષ્ટિ છોડી અન્યની દૃષ્ટિએ જગતને જોતો થઈ જાય તો અકારણ વધી જતા અસૂયાના અનેક કિસ્સાઓ આપોઆપ ઘટી જતા હોય છે... માણસને કોણ જાણે કેમ બીજા માણસ સાથે સતત પોતાની સરખામણી કરવી ગમતી હોય છે... પોતે સુખી હોય એ એના માટે પર્યાપ્ત નથી..એની તલાશ હોય છે બીજા કરતાં આગળ નીકળી જવાની... આ માટે એની અડફેટે ચડી જવામાં નજીકના માણસો મોખરે હોય છે... એમાં પણ અંગત મિત્રો, સહાધ્યાયી, કુટુંબીજનો, ગામ કે શહેરના સાથે રહેતા માણસો હાથવગા હોય છે...માણસનો અણગમો અંતે તો એવા લોકોને જ ડંખે છે જે સામાન્ય રીતે કયારેય એને નડયો નથી હોતો... ઈર્ષાનું તીર કોને ક્યારે નિશાન બનાવશે એ નકકી નથી હોતું...

અણગમાનો શિકાર બની જતા માણસો કરતાં એના માટે આવો ભાવ રાખનાર મોટેભાગે વધારે નુકશાન વેઠતો હોય છે... કોઈ માણસ તમારી સતત ટીકા કરે કે તમારી ઈર્ષા કરે તો મોટેભાગે માણસ સજજ બની જતો હોય છે..એ સતત જાગૃત રહી પોતાના લક્ષ્ય તરફ વધારે મકકમ ગતિથી આગળ વધે છે..એની સામે ઈર્ષા કરનાર માણસ તેની એ વૃત્તિથી પોતાનું ધ્યેય ચૂકી જતો હોય છે... અસૂયાનો રાક્ષસ એને પેદા કરનારને જ સૌ પ્રથમ ભરખી જતો હોય છે... કૂથલીના કેફમાં સતત રમમાણ લોકો તીરે જ ઉભા રહી જતા હોય છે...એમની ટીકાઓનો ભોગ બનનાર કિનારાઓને અતિક્ર્મી સાહસનો રોમાંચ અનુભવતા હોય છે...

કોઈકની નાનીસરખી નબળાઈ જોઈ કાગારોળ કરતા માણસોનો તોટો નથી..પરંતુ એ બધાની સામે અડીખમ ઉભા રહેતા માણસનો પણ જોટો નથી હોતો..અકારણ અણગમો ફેલાવતા લોકો એ માણસાઈની અધૂરી અભિવ્યક્તિ જેવા હોય છે..એમની આવી વૃત્તિઓને લોકો ઓળખાતા હોય છે..અને એટલે જ આમ લોકોને પીડિત વ્યકિત માટે બિનશરતી સહાનુભૂતિ હોય છે...હકિકતમાં આપણી આસપાસ અસૂયાની આડશે સતત સતામણી કરતા આવા લોકો સામે અડીખમ રહી પોતાની મસ્તીમાં જીવતા રહેવું એ જ સાચો પ્રતિકાર ગણી શકાય.